અપીલ અરજી નં.૩૦૧ તા.૧૫–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ભુપતભાઈ લક્ષ્મણભાઈ ઈટાળીયા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઇ એકટ હેઠળ શ્રી ભુપતભાઈ લક્ષ્મણભાઈ ઈટાળીયાની તા. ૪–૧૧–૦૯ ની અરજીથી તાપીદર્શન સોસા.વિ–૨ ની મુદ્દા નં.૧ થી ૧૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૫–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૩૦૧/૨૦૦૯–૧૦

શ્રી ભુપતભાઈ લક્ષ્મણભાઈ ઈટાળીયા તથા અન્યની તા. ૪–૧૧–૦૯ ની અરજીથી તાપીદર્શન સોસા.વિ–૨ ની મુદ્દા નં.૧ થી ૧૫ ની માહિતી આપવા બાબતે મળેલ પ્રતિભાવના જવાબો ગેરમાર્ગે દોરવા લાયક હોવાનું જણાવી તેનાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પૂરક વિગતો માટે જાહેર માહિતી અધિકારીને તથા અરજદારની તા.૬–૧૦–૦૯ ની અરજીની નકલ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઇ સેલ/૧૦૬૦ તા.૨૪–૧૨–૦૯ થી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૬–૧–૧૦ ના રોજ પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારે તા.૬–૧૦–૦૯ ની અરજીની નકલ, રે.દિ.મુ.નં. ૮૯૭/૫ ના તા.૭–૧૦–૦૫ ના દાવાની નકલ રજૂ કરેલ છે. પરંતુ માહિતી માંગતી મુળ અરજીની સહીવાળી નકલ રજૂ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/૪૪૧ તા.૬–૧–૧૦ ના રોજ અત્રેના વિભાગને મળેલ છે. જેમાં નોંધ વિભાગ, તા.૫–૧૧–૦૯ ના તબદીલ પત્રની નકલ, મુદ્દા નં.૧ થી ૧૫ ની મુળ અરજીની નકલ, અરજદારને માહિતી મેળવવા પાઠવેલ ઈ.ઝેડ/આરટીઆઈ/૪૪૧ તા.૧૮–૧૧–૦૯ ના પત્રની નકલ, તથા મુદ્દા નં.૫ અંગે નગર રચના અધિકારી એકમ–૫ સુડાભવન, નાનપુરાને તબદીલ કરેલ પત્ર નં.ટીપીડી/આ./આરટીઆઈ/૨૯૮ ના તા.૨૩–૧૧–૦૯ ના પત્રની નકલ, અરજદારનો તા.૧–૧૨–૦૯ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતીના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૪૧ તા.૫–૧૨–૦૯ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૪–૧૧–૦૯ ની મુદ્દા નં.૧ થી ૧૫ ની માહિતી માંગવામાં આવેલ . જે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઈ.ઝેડ/આરટીઆઈ/૪૪૧ તા.૧૮–૧૧–૦૯ થી મુદ્દા નં.૯ તથા ૧૦ રજાચિઠ્ઠીના નકલના રૂા.૨૦૦/– મુદ્દા નં.૧૩ તથા ૧૫ ના મંજુર પ્લાનની નકલના રૂા.,૪૪૦/– મુદ્દા નં.૧૪. ટીપી ૧૩ ફા.પ્લોટ નંબર ૪,૫,૬,૭ પાર્ટ પ્લાનની નકલના રૂા.૧૧૦૦/– મળી એકંદરે કુલ્લે રૂપિયા ૧ ૭૪૦ ભરપાઈ કરી મેળવવા જણાવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧–૧૨–૦૯ ના રોજ પત્ર લખી પ્લાનોની નકલની જગ્યાએ પ્લાનોની ઝેરોક્ષ કોપીની માંગણી કરેલ છે તેવું જણાવેલ છે. વધુમાં અરજદારને નંઈ.ઝેડ/આરટીઆઈ/૪૪૧ તા.૫–૧૨–૦૯ ની માહિતી ની નકલ અત્ર અરજદારે રૂબરૂમાં તા.૯–૧૨–૦૯ ના રોજ સમજ આપેલ હોવાનું રજૂ કરેલ નકલ ઉપરથી જણાય છે. ત્યાર બાદ અરજદારે જવાબો ગેરમાર્ગે દોરવા લાયક હોવાનું જણાવી તા.૧૫–૧૨–૦૯ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. જેમાં અરજદારની મુળ અરજીના મુદ્દા નં.૧ કમિશનર સાહેબશ્રીને આપેલી અરજી તા.૬–૧૦–૦૯ ની કોઈ કાર્યવાહી કરવામાં આવેલી છે કે કેમ? તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં માંગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. જે બાબતે અરજદારે રેકર્ડ ઉપરની માહિતી માંગેલ નથી પણ રેકર્ડ તરીકે અરજીની સાથે પુરાવા આપેલ છે તેની કાર્યવાહી કરવાની હતી તેનો જવાબ માંગેલ છે. અરજદારે આધાર તરીકે તા.૬–૧૦–૦૯ ના રોજ મધ્યસ્થ મહેકમ કચેરીને આપેલ અરજીની નકલ અત્રે રજૂ કરેલ છે. ૨. સદર અરજી અંગે જો કોઈ કાર્યવાહી કરવામાં આવી હોય તો તેની વિગત લેખિતમાં સ્પષ્ટ અને રાઈટ આપવી. સદર બાબતે પણ અરજદારે તા.૬–૧૦–૦૯ ની અરજીની કાર્યવાહીની માહિતીની માંગણી કરેલ છે. અને તેના આધાર તરીકે અરજી આપ્યાની નકલ રજૂ કરેલ છે. ૩. સુરત મહાનગપાલિકાના પૂર્વઝોન વરાછા ટીડી નં.૭૩૮ તા.૧૨–૫–૦૮ નો મનાઈ હુકમ તાપી દર્શન સોસા.વિ–૨ ના શ્રી ભગવાનભાઈ દયાળભાઈ બોધરાને શોકોઝ નોટીસ આપવામાં આવેલ તેનું પાલન કરવામાં આવેલ છે કે કેમ? તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જાહેર માહિતી અધિકારી તરફથી મિલ્કતદાર તરફથી શોકોઝ નોટીસનું પાલન કરવામાં આવેલ નથી. જેમાં અરજદારે જો નોટીસનું પાલન કરવામાં આવેલ નહોય તો બાંધકામ દુર કરવાનો મહાનગરપાલિકાનો અધિકાર બને છે.તેવું જણાવી અરજદારે અપીલ તબકકે તેવો કાર્યવાહીને લગતો પ્ર શ્ન મુળ અરજીથી અલાયદો ઉભો કરવામાં આવેલ છે. ૪. સુરત મહાનગપાલિકાના પૂર્વઝોન વરાછા ટીડી નં.૭૩૯ તા.૧૨–૫–૦૮ ના ટીપી સ્કીમ નં.૩૮, વોર્ડ નં.૭, મોજે નાના વરાછામાં આવેલ તાપી દર્શન સોસા.વિ–૨ માં નોટીસ નં.૭૩૯ નું પાલન કરવામાં આવેલ હોય તો તેના પુરાવા સાથેની ઝેરોક્ષ કોપીની નકલો આપવી. અને જો પાલન કરવામાં ન આવ્યું હોય તો તે બાંધકામ કયારે દુર કરશો. અને કેટલા સમયમાં તેની સ્પષ્ટ માહિતી. તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જાહેર માહિતી અધિકારી તરફથી મિલ્કતદાર તરફથી નોટીસનું પાલન કરવામાં આવેલ નથી. જયારે બાંધકામ કયારે દુર કરવામાં આવશે તે અંગેની માહિતી આરટીઆઈ અન્વયે આપવાની રહેતી નથી. જેમાં અરજદારે આરટીઆઈ એકટને શોભે તેવો જવાબ આપવા જણાવેલ છે. ૫.વોર્ડ નં.૭ મોજે નાના વરાછા ટીપી સ્કીમમાં આવેલ તાપી દર્શન સોસા.વિ–૨, સર્વે નં.૪ બ્લોક નં.૫ અને ૭ ની વચ્ચે આવેલ તાપી નદીના કારણે બ્લોક નં.૬ માં ગામતળની સ્મશાન ભુમિમાં જવા માટે જે નવ મીટરનો રસ્તો હતો તે તા.૩૧ –૩–૧૯૯૨ ના ટીડીઓ નં.૧૧૪૭ થી મંજુર થયેલ પ્લાનમાં બતાવેલ છે તે કયા આધારે રદ કરવામાં આવ્યો છે તેના પુરાવાની તમામ ઝેરોક્ષની નકલ આપવી. જેની કોઈ માહિતી આપેલ જણાતી નથી. ૬. તાપી દર્શન સોસા, વિ–૨ ના આંતરિક રસ્તા પરથી સર્વે નં. ૬ ની સ્મશાન ભુમિમાં આવવા જવા માટે ગામતળના લોકોએ જાપો મુકેલો હતો તે મામુલી જાપાનું ડીમોલીશન કરવા માટે તાત્કાલીક પૂર્વઝોન (વરાછા) તજવીજ હાથ ધરી મામુલી જાપાનું ડીમોલીશન કરી જાપો લઈ ગયા તો કયા આધાર પુરાવાના આધારે ડીમોલીશન કર્યુ તેની પ્રમાણિત ઝેરોક્ષ નકલ આપવી. તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જાહેર માહિતી અધિકારીએ તાપી દર્શન સોસા.ના આંતરિક રસ્તાઓ ઉપર ગેરકાયદેસર મુકવામાં આવેલ દરવાજો દુર કરવામાં આવેલ છે. તેવો જવાબ આપેલ છે. પરંતુ કયા આધારે તેની માહિતી અપાયેલ જણાતી નથી. ૭. સદર જગ્યાએ મામુલી જાપાનું ડીમોલીશન એટલું પૂર જોરથી ટુંક સમયમાં કરવામાં આવ્યું હતું તેટલું જ પુર જોરથી જાપાની બરોબર બાજુનું મકાન આખું ગેરકાયદેસર બેસાડી દેવામાં આવ્યું છે તાપી દર્શન સોસ.વિ–૨ નું તો તે મકાન તેટલું જ પુર જોરથી તે મકાનનું ડીમોલીશન કરવાના છે કે કેમ અને જો કરવાના હોય તો કેટલા સમયમાં તેની સ્પષ્ટ માહિતી આપવી. તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં માંગેલ માહિતી આરટીઆઈ એકટ અન્વયે આપવાની રહેતી નથી. જેમાં અરજદારે મનમાની કરી જવાબ આપેલ છે તેવું જણાવેલ છે. ૮. તાપી દર્શન સોસા.વિ–૨ માં તા.૩૧–૩–૯૨ માં ટીડીઓ નં.૧૧૪૭ થી મંજુર થયેલ પ્લાનમાં પાંચ (૫) રો હાઉસ ઉભા કરવામાં આવેલ છે. તે ખરેખર કાયદેસર છે કે પ્લાન વિરુધ્ધ બાંધકામ કરવામાં આવેલ છે. અને જો ગેરકાયદેસર રો હાઉસો બેસાડવામાં આવેલ હોય તો કમિશનરશ્રીની જવાબદારી બને છે તે બાંધકામ દુર કરાવી મંજુર પ્લાન પ્રમાણે તેવા ઈસમોને બાંધકામ કરાવવા એકશન લેવાનો છો કે કેમ અને એકશન લેવાના હોય તો કેટલા સમયમાં અને કયારે લેશો તેની માહિતી આપવા વિનંતી. તેવા પુછેલા પ્રશ્ન બાબતે જાહેર માહિતી

અધિકારી તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ થયેલ ગેરકાયદેસર બાંધકામ અંગે મિલ્કતદારને મનાઈ હુકમ તથા શોકોઝ નોટીસ આપવામાં આવેલ છે. ગેરકાયદેસર બાંધકામ કયારે દુર કરવામાં આવશે તે અંગેની માહિતી આરટીઆઈ એકટ અન્વયે આપવાની રહેતી નથી. તેવી માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં અરજદારે આ જવાબ આરટીઆઈ એકટને શોભે છે અને જવાબદાર અધિકારીઓ આવા જવાબ આપી શકે ખરા? તેવી પૃચ્છા કરેલ છે. ૯. સદર સોસા.ના મંજુર પ્લાન તા.૩૧–૩–૯૨ માં ટીડીઓ/૧૧૪૭ ની બાંધકામની રજાચિઠ્ઠીની પ્રમાણિત ઝરોક્ષ નકલ આપવી. ૧૦. ટીપી સ્કીમ નં.૩૮ માં આવેલ તાપી દર્શન સોસા. વિ–ર માં જે પાંચ રો હાઉસો ઉભા કરવામાં આવેલ છે તેના બાંધકામ કરવાની રજાચિઠ્ઠી, પ્રમાણિત ઝેરોક્ષની નકલ આપવા વિનંતી. અરજદારના મુદ્દા નં.૯ અને ૧૦ બાબતે જાહેર માહિતી અધિકારીએ રૂા.ર૦૦/– ભરપાઈ કરી માહિતી મેળવવા તા.૧૮–૧૧–૦૯ થી જણાવવામાં આવેલ છે. જે અંગે અરજદારે જવાબદાર અધિકારીઓને રૂબરૂ મળવા છતાં તેમને પૈસા ભરવાના છે તેવું જણાવેલ છે. આમ અરજદારે જાહેર માહિતી અધિકારીના નિર્ણયને આરટીઆઈની કલમ–૭(૩) (બી) હેઠળ પડકારેલ છે. જાહેર માહિતી અધિકારીએ અરજદારને આરટીઆઈના નિયમ–પ(૧)(બી) મુજબ દસ્તાવેજ ફી ભરવાની જોગવાઈ છે તે મુજબ નિયત સમય મર્યાદામાં નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૪૧ તા.૧૮–૧૧–૦૯ થી દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ નથી. અરજદારે રજાચિઠ્ઠી તથા પ્લાનની પ્રમાણિત ઝેરોક્ષની માંગણી કરેલ છે. તેવું જણાવી માહિતી મેળવેલ નથી. આરટીઆઈની કલમ–૭(૩)(બી) મુજબ પૃથકરણ કરી જોગવાઈના પરિપ્રેક્ષ્યમાં નિયમ–પ(બી) મુજબ એ/૪ અને એ/૩ સાઈઝના કાગળ હોય તો પાના દીઠ રૂા.ર/– જયારે મોટી સાઈઝના કાગળ ઉપર હોય તો તેની ખરેખરી કિંમત જેટલી રકમ દસ્તાવેજ ફી પેટે ભરપાઈ કરી માહિતી પૂરી પાડવાની રહે છે. તે મુજબ અરજદારને પત્ર પાઠવી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–પ મુજબ કાર્યવાહી કરવી રહે જે મળેલ જણાતી નથી. ૧૧. કમિશ્નરને તા.૬–૧૦–૦૯ ની સાથે આપેલ સાથે સુરતના સીવીલ જડજ , સી.ડી. સાહેબની કોર્ટમાં રે.દિ.મુ. નં. ૮૯૭/૦પ ની ઓર્ડરની કોપી અરજી સાથે આપેલી હતી તે કોર્ટના ઓર્ડરની વિશે શું કાર્યવાહી કરી અથવા પૂર્ણ કરી હોય તો તેની સ્પષ્ટ માહિતી આપવી. તેવા પ્રશ્નના ઉત્તરમાં જાહેર માહિતી અધિકારીએ માંગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૭–૧૦–૦૯ ના રોજ કમિશ્નરની કચેરીએથી અરજી વરાછાઝોનમાં તબદી થયેલ છે તેથી રેકર્ડ ઉપલબ્ધ થયો ગણાય. તેવું જણાવી તેમાં કાર્યવાહી શું કરેલ છે તે પુછેલ છે રેકર્ડની માહિતી માંગેલ નથી તેવું જણાવેલ છે. ૧ર. ટીપી સ્કીમ નં.૩૮ માં આવેલ સર્વે નંબર ૬ ની સ્મશાન ભુમિનો રસ્તો ટીપી ૩૮ ઉપર આવવાનો રસ્તો છે કે કેમ? અથવા હોય તો કઈ જગ્યાએ દર્શાવેલ છે. તેની પ્રમાણિત ઝેરોક્ષ કોપી આપવા વિનંતી. તેવા પ્રશ્નની માહિતી આપેલ નથી. ૧૩. સદર સોસા.તા.૩૧–૩–૯૨ માં થયેલ મંજુર પ્લાન પ્રમાણે ટીડીઓ નં.૧૧૪૭ માં ટીપી ૩૮ રોડ ઉપર કયા કયા નંબરો કાયદેસરના બાંધકામ કરવા લાયક છે તેની માહિતી સ્પષ્ટ અને પૂર્ણ આપવી. તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જાહેર માહિતી અધિકારીએ તાપી દર્શન સોસા.વિ–ર ના ટીડીઓ/૧૧૪૭ તા.૩૧–૩–૯ર થી મંજુર થયેલ લે આઉટ પ્લાન મુજબ પ્લોટ નં.૧ થી ૧પ૦ માં બાંધકામ મંજુર થયેલ છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારે અપીલ તબકકે મંજુર થયેલ લે આઉટ પ્લાનમાં ટીપી ૩૮ માં રોડ ઉપર અમુક પ્લોટો ટીપીમાં કપાય છે જેથી ટીપી ૩૯ રોડ ઉપર કેટલા કાયદેસર બાંધકામ કરવા લાયક છે તેવું પુછેલ છે અને તેના નંબર માંગેલ છે . ૧૪. બ્લોક નં.૪,પ,૬,૭ ના નકશાનો ભેગી પ્રમાણિત નકલ આપવી. તેવા પ્રશ્ન બાબતે અરજદારને ટીપી ૩ર ફા. પ્લોટ નં.૪,પ,૬,૭ ના પાર્ટ પ્લાનની નકલ માંગેલ છે જે રૂા.૧૧૦૦/– ભરપાઈ કરી મેળવવા જણાવેલ છે. ૧પ. વોર્ડ નં.૭ ટીપી સ્કીમ નં.૩૮ નાના વરાછાગામમાં આવેલ સદર સોસા. મંજુર પ્લાન પ્રમાણે કેટલી જગ્યામાં બાધંકામ છે અને કેટલી જગ્યામાં માર્જીનવાળી અને બાંધકામ ખાલી પડેલ છે અને મંજુર પ્લાન પ્રમાણે બાંધકામ જેટલા પ્લોટનુ હોય તે તમામ પ્લોટોના નંબર આપવા વિનંતી. તેવા પ્રશ્નના જવાબમાં જાહેર માહિતી અધિકારી તરફથી પ્રત્યુત્તર આપેલ છે કે ઉપલબ્ધ રેકર્ડ મુજબ માંગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોવાનું જણાતું નથી. આમ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને મુદ્દા નં.૧,ર અને ૧૧ ની કોઈ માહિતી પૂરી પાડેલ નથી. અરજદારે રજૂ કરેલ તા.૬–૧૦–૦૯ ની મધ્યસ્થ કચેરીમાં આપેલ અરજીની નકલ જોતાં અત્રેના જાહેર સત્તા મંડળમાં આપેલ અરજી વિશે હાથ ધરવા કાર્યવાહીની દફતરી માહિતી અરજદારને માંગેલ વિગતે આપવા પાત્ર થાય.

તે જ રીતે મુદ્દા નં.પ ની માહિતી પૂરી પાડેલ નથી તેથી હકીકતલક્ષી માહિતી આપવી રહે. મુદ્દા નં.૯,૧૦ તથા ૧૩ થી ૧પ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને ફી ભરવા જણાવેલ પત્ર આરટીઆઈના નિયમ–પ(બી) ની જોગવાઈ સાથે સુસંગત નથી. જયારે અરજદારે ઝેરોક્ષ–પ્રમાણિત નકલ માંગેલ હોય તો નિયત પેજ દીઠ નકલ અથવા મોટી સાઈઝમાં ખરેખર ખર્ચની રકમ લઈ માહિતી આપવા પાત્ર થાય. જે અંગે અરજદારનો અપીલ તબકકેનો કલમ–૭(૩) (બી) હેઠળનો વાંધો ગ્રાહય રાખવા પાત્ર થાય.

મુદ્દા નં.૪,૭,૮ માં અરજદારે ભવિષ્યમાં થનાર કાર્યવાહીને લગતી માહિતીનો આગ્રહ રાખેલ છે. જે આરટીઆઈ એકટની કલમ–ર(એફ) તથા ર(જે) સાથે સુસંગત નથી. તે અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલ દફતરી માહિતી બહાલ રાખવા પાત્ર થાય.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૯,૧૦ તથા ૧૩ થી ૧પ અંગે આરટીઆઈ એકટની કલમ–૭(૩)(એ) સાથે નિયમ–પ(બી) અન્વયે ફી ભરવા પત્ર પાઠવી ફી ભરપાઈ કર્યેથી માહિતી આપવા તથા મુદ્દા નુ.૧,ર,પ તથા ૧૧ અંગે દફતરી હકીકતલક્ષી માહિતી પૂરી પાડવાની કાર્યવાહી દિન–૧પ માં સંપન્ન કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ....જાણ તથા અમલ માટે.
(ર) શ્રી ભુપતભાઈ લક્ષ્મણભાઈ ઈટાળીયા